સભાગૃહમાં રજૂ થયા
તા.૧૧-૦૯-૨૦૨૬

પંચાયતી રાજ સમિતિ

પાંચમો અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા

(નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના સને ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ના વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૬–૨૭)

પ્રમુખશ્રી

શ્રી ઉદય કાનગડ

સભ્યશ્રીઓ

શ્રી કેશાજી ચૌહાણ

શ્રી કિરીટકુમાર પટેલ

શ્રી મુકેશકુમાર પટેલ

શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

શ્રીમતી ભાનુબેન બાબરીયા

શ્રી હેમંતભાઇ આહીર

શ્રી મુળુભાઇ બેરા (આયર)

શ્રીમતી સેજલબેન પંડ્યા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રી સી. કે. રાઉલજી

શ્રી જયદ્રથસસિંહજી પરમાર

શ્રી કનૈયાલાલ કિશોરી

શ્રી અરૂણસસિંહ રણા

શ્રી રાકેશ દેસાઇ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ચેતન પંડ્યા, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૫-૨૦૨૬)

પ્રમુખશ્રી

શ્રી પંકજભાઇ દેસાઇ

સભ્યશ્રીઓ

શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

શ્રી રમણલાલ વોરા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડૉ. દર્શના દેશમુખ (વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ચેતન પંડ્યા, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, ઉપસચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૪–૨૦૨૫)

પ્રમુખશ્રી

શ્રી પંકજભાઇ દેસાઇ

સભ્યશ્રીઓ

શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા

* ગેનીબેન ઠાકોર

@ શ્રી કરશનભાઇ સોલંકી

% શ્રી રમણલાલ વોરા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડૉ. દર્શના દેશમુખ (વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ચેતન પંડ્યા, ઈન્ચાર્જ સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

* સભ્યશ્રી સંસદ સભ્ય તરીકે ચૂંટાતા તા.૧૩/૦૬/૨૦૨૪ (બપોર બાદ)ના રોજ ધારાસભ્ય તરીકે રાજીનામું આપતા સમિતિના સભ્ય ગણાતા બંધ થયા.

% સભ્યશ્રી તા.૦૯/૦૯/૨૦૨૪થી સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

@ સભ્યશ્રીનું તા.૦૪/૦૨/૨૦૨૫ના અવસાન થતા તેમની જગ્યા ખાલી પડેલ હતી.

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૩–૨૦૨૪)

પ્રમુખશ્રી

શ્રી પંકજભાઇ દેસાઇ

સભ્યશ્રીઓ

શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ગેનીબેન ઠાકોર

શ્રી કરશનભાઇ સોલંકી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડૉ. દર્શના દેશમુખ (વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

શ્રી નિસર્ગ મોડિયા, શાખા અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૨–૨૦૨૩)

પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧–૨૦૨૨)

(તા.૧૧/૧૦/૨૦૨૧ થી)

પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧–૨૦૨૨)

(તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી)

પ્રમુખશ્રી

શ્રી કિરીટસિંહ રાણા

સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૦–૨૦૨૧)

પ્રમુખશ્રી

શ્રી ગોવિંદભાઈ પટેલ

સભ્યશ્રીઓ

ગેનીબેન ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી ઋત્વિકભાઈ મકવાણા

શ્રી લલિતભાઈ કગથરા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી રમેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી અરૂણસિંહ રણા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રીમતી ઝંખનાબેન પટેલ

શ્રી ભરતભાઈ પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ.આઇ.મહેતા, નાયબ સચિવ,

શ્રી નિસર્ગ મોડિયા, સેકશન ઓફિસર

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	**ભાગ– ૧** પ્રસ્તાવના	
	ભાગ– ૨ **અહેવાલ**	
૨.	**ઓડિટ અહેવાલના પ્રકરણ–૧ બાબતે સંબંધિત તમામ ૧૦ વિભાગોને લગતી દૂર્લક્ષ બાબતો**	
૩.	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	
૪.	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	
૫.	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	
૬.	શિક્ષણ વિભાગ	
૭.	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ	
૮.	આદિજાતિ વિકાસ વિભાગ	
૯.	મહિલા અને બાળ વિકાસ વિભાગ	
૧૦.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	
	ભાગ– ૩ **મુખ્ય નિર્ણયો/ ભલામણોનો સારાંશ**	

ભાગ–૧

પ્રાસ્તાવિક

હું પંચાયતી રાજ સમિતિનો પ્રમુખ, સમિતિ વતી, સમિતિનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરું છું.

નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વાર્ષિક ઓડિટ અહેવાલમાં ઉપસ્થિત થયેલ ઓડિટ ફકરાઓ બાબતે વિભાગ તરફથી મળેલ ખુલાસાઓ સંબંધમાં સમિતિએ નીચે દર્શાવેલ તારીખોએ જુદા જુદા વિભાગોની તપાસ હાથ ધરી હતી.

ક્રમ	બેઠકોની સંખ્યા	તપાસની તારીખ	વિભાગનું નામ
૧	૧	૧૯–૦૧–૨૦૨૧	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
૨	૧	૨૯–૦૬–૨૦૨૧	માર્ગ અને મકાન વિભાગ
૩	૧	૦૬–૦૭–૨૦૨૧	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
૪	૧	૨૦–૦૭–૨૦૨૧	મહેસૂલ વિભાગ
૫	૩	૧૧–૦૮–૨૦૨૧, ૦૭–૦૬–૨૦૨૨, ૦૭–૧૧–૨૦૨૩	શિક્ષણ વિભાગ
૬	૨	૦૭–૦૯–૨૦૨૧, ૦૫–૧૨–૨૦૨૩	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
૭	૨	૦૧–૧૧–૨૦૨૧, ૦૪–૦૫–૨૦૨૨	મહિલા અને બાળ વિકાસ વિભાગ
૮	૩	૧૦–૦૧–૨૦૨૨, ૨૪–૦૮–૨૦૨૨, ૧૭–૧૦–૨૦૨૩	આદિજાતિ વિકાસ વિભાગ
૯	૫	૧૬–૧૧–૨૦૨૧, ૨૧–૦૬–૨૦૨૨, ૦૬–૦૯–૨૦૨૨, ૩૦–૦૫–૨૦૨૩, ૧૮–૦૬–૨૦૨૪	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
૧૦	૫	૨૯–૧૧–૨૦૨૧, ૨૨–૧૨–૨૦૨૧, ૧૯–૦૪–૨૦૨૨, ૦૨–૦૮–૨૦૨૨, ૧૮–૦૭–૨૦૨૩	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
કુલ બેઠક :– ૨૪			

ઉપર કોષ્ટકમાં દર્શાવેલ તારીખોએ યોજાયેલ બેઠકોમાં સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓ, જિલ્લા અને તાલુકાના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રૂબરૂમાં ઉપસ્થિત થઈ કરેલા ખુલાસાઓને ધ્યાનમાં લઇ સમિતિએ તેની ભલામણો/અવલોકનોનો સમાવેશ આ અહેવાલના **ભાગ –૨**માં કરેલ છે. સમિતિએ કરેલ તમામ ભલામણોનો સારાંશ આ અહેવાલના **ભાગ–૩માં** આપેલ છે. સમિતિએ તેની બેઠકોમાં તપાસ સમયે જે–તે વિભાગોના જે ફકરાઓનો શરતી નિકાલ કરેલ હતો, તેની બેઠકની કાર્યવાહી જે–તે સમયે વિભાગોને મોકલવામાં આવી હતી. તે ફકરાઓ સંબંધમાં સંબંધિત વિભાગોએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં, વિભાગના જે ફકરા સંબંધમાં સમિતિએ કોઈ ટીકા–ટિપ્પણ કરી નથી તેનો સમિતિના અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આમ, તે તમામ ફકરાઓનો સમિતિએ નિકાલ/ ડ્રોપ કરેલ છે.

સમિતિએ તેની **તા.૦૯/૦૯/૨૦૨૬**ના રોજ મળેલી બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર ચર્ચા વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

આ અહેવાલની ટાઈપ કરેલી ત્રણ નકલો ગુજરાત વિધાનસભા ગ્રંથાલયમાં રાખવામાં આવી છે તેમજ અહેવાલની સોફ્ટ કોપી https://gujarat.neva.gov.in પર પણ મૂકવામાં આવી છે.

નાણાં વિભાગના અધિકારીશ્રીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રી અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહકાર માટે સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૦૯–૦૯–૨૦૨૬

ઉદય કાનગડ
પ્રમુખ,
પંચાયતી રાજ સમિતિ

ભાગ–૨

અહેવાલ

ઓડિટ અહેવાલના પ્રકરણ – ૧ :

૧. સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે ઘડવામાં આવેલા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાકીય હિસાબો અને અંદાજપત્રના નિયમોમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જિલ્લા અને તાલુકા પંચાયતોએ તેમનો નાણાકીય વહીવટ કરવાનો હોય છે. પંચાયતો દ્વારા કરવામાં આવતો ખર્ચ નિયમાનુસાર તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં થયો છે કે કેમ? તેની ચકાસણી સ્થાનિક ભંડોળ હિસાબના ઓડિટરો દ્વારા કરવામાં આવતી હોય છે. તદનુસાર નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા રાજયના જિલ્લા અને તાલુકા પંચાયતનો વાર્ષિક ઓડિટ અહેવાલ તૈયાર કરવામાં આવે છે તેમાં પ્રકરણ–૧માં ફકરા ક્રમાંક ૧.૧માં ખર્ચ, બચત અને અતિ ખર્ચ સંબંધમાં, ફકરા ક્રમાંક ૧.૨માં ઉચાપતના કિસ્સાઓ/નાણાંકીય અનિયમિતતાઓ સંબંધમાં, ફકરા ક્રમાંક ૧.૩માં ઓડિટ વસૂલાત સંબંધમાં તથા ફકરા ક્રમાંક ૧.૪માં બાકી ઓડિટ ફકરાઓ સંબંધમાં અવલોકનો કરવામાં આવતા હોય છે. નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષના ઓડિટ અહેવાલના અવલોકનમાં પંચાયતોના નાણાકીય વહીવટમાં સમિતિને ઘણી નિયમ બાહ્યતાઓ જોવા મળી છે. જેની વિગતો નીચે મુજબ છે.

અગાઉ થયેલ ખર્ચ, બચત તેમજ અતિખર્ચ બાબત (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૧)

૨. દરેક પંચાયતે સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે તેમ છતાં પંચાયતો દ્વારા તેને ફાળવેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ કરવામાં આવે છે. નિયમ મુજબ આવો ખર્ચ જે તે પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી મેળવવો જોઈએ અને ત્યાર પછીના વર્ષમાં સરકારની મંજૂરી મેળવીને સરકાર તરફથી ઉપલબ્ધ થતી ગ્રાન્ટ સામે સરભર કરવો જોઈએ. આમ છતાં સન ૨૦૧૦–૧૧ થી સન ૨૦૧૨–૧૩ સુધીમાં અતિ ખર્ચનું પ્રમાણ ચિંતાજનક રીતે વધતુ ગયું છે જે નીચેના કોષ્ટક પરથી ફલિત થાય છે.

ક્રમ	**વર્ષ**	**થયેલ અતિ ખર્ચ (રકમ રુ. કરોડમાં)**
૧	૨૦૧૦–૨૦૧૧	૮૦૨
૨	૨૦૧૧–૨૦૧૨	૭૯૯
૩	૨૦૧૨–૨૦૧૩	૯૪૦

3. ઓડિટ અવલોકનમાં આ અતિ ખર્ચ સંબંધે કેટલી રકમની સરકારની મંજૂરી મળેલ છે તેમજ કેટલી રકમ સ્વભંડોળમાંથી મેળવીને સરકારને રિફંડ કરવાની બાકી છે તેના અલગ હિસાબો નિભાવવા માટેના આદેશો હોવા છતાં તેનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી.

૪. તમામ વિભાગોના જવાબો પરથી સમિતિને લાગે છે કે, **આ બાબત સંબંધમાં વિભાગો દ્વારા ફકત પરિપત્ર કરી દેવો પૂરતું નથી. પરિપત્રનો યોગ્ય અમલ થાય છે કે કેમ? તેની તકેદારી રાખવા માટે ટેક્નોલોજીના માધ્યમથી કોઈ ચોકકસ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આથી, આ બાબતમાં નિશ્ચિત સમયાંતરે ટેક્નોલોજીના માધ્યમથી મોનિટરીંગ કરવાની વ્યવસ્થા કરી અતિખર્ચમાં વધારો ન થાય તે સુનિશ્ચિત કરવા તથા હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબંધિત અધિકારીની જવાબદારી ઠરાવવા અને આ સંબંધમાં તાત્કાલિક જરુરી હુકમો કરી સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. તદુપરાંત ઉપર દર્શાવ્યા મુજબ પાછલા વર્ષનો જે અતિ ખર્ચનો ઓડિટ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તેને વહેલી તકે સરભર કરી દેવા પણ સમિતિ ભલામણ કરે છે.**

૫. તે જ રીતે અનુદાનની રકમમાંથી રૂ.૫૪૩૬/– કરોડની રકમ બચત રહેવા પામેલ છે તેના કારણો પણ સ્પષ્ટ કરેલ નથી. જેની સમિતિ ગંભીર નોંધ લે છે.

ઉચાપતના કિસ્સાઓ/નાણાંકીય અનિયમિતતા બાબત (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૨)

૬. સને ૨૦૧૨–૧૩ના અંતે નિકાલ થવાના બાકી ઉચાપતના કિસ્સાઓની સંખ્યા ૧૨૩ છે અને સમાવિષ્ટ નાણાકીય રકમ રૂ.૩,૯૦,૧૫,૮૪૩/– છે જેમાં સને ૧૯૯૦–૯૧થી ૨૦૧૧–૧૨ દરમ્યાનના કિસ્સાઓ તેમજ રકમનો સમાવેશ થાય છે. ઉકત વિગત જોતાં જણાય છે કે ઉચાપતના કિસ્સાઓમાં દર વર્ષે સતત ઉમેરો થાય છે.

૭. વિભાગોની રુબરુ તપાસ વખતે સમિતિના ધ્યાન પર આવ્યું છે કે, સરકારી અધિકારી/કર્મચારીઓ દ્વારા બનતા ઉચાપતના કેસોમાં સંબંધિત કચેરી કે વિભાગ દ્વારા આક્ષેપિત કર્મચારી/અધિકારી સામે ઝડપથી પગલા લેવામાં આવતા નથી અને વિલંબ કરવામાં આવે છે. આમ, આક્ષેપિત કર્મચારી/અધિકારી સામે સમયસર અને અસરકારક કાર્યવાહી ન કરવાના કારણે સંબંધિત કર્મચારી/અધિકારીને શિક્ષા કરી શકાતી નથી, જ્યારે બીજી બાજુ સરકારી તિજોરીને ખૂબજ મોટું આર્થિક નુકસાન ભોગવવું પડે છે. જે ખૂબજ ગંભીર બાબત છે.

૮. સન ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ના ઓડીટ અહેવાલમાં વિભાગવાર દર્શાવેલ ઉચાપત કે નાણાંકીય અનિયમિતતાના કેસોમાં આક્ષેપિત કર્મચારી/અધિકારી/ સંસ્થાઓ સામે ઝડપી, અસરકારક અને સમયબધ્ધ પગલાં ભરવા અને જો ઉચાપત સાબિત થઈ હોય તો મહેસુલી રાહે તાત્કાલિક વસૂલાત કરવા તેમજ જો તેમા સંસ્થા સામેલ હોય તો તેને બ્લેકલિસ્ટ કરવા માટેની જરુરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

ઓડિટ વસૂલાત અંગે (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૩)

૯. જે તે વર્ષના ઓડિટ દરમ્યાન ધ્યાને આવતી અતિ ચુકવણી, ઉચાપત, નિયમ વિરુધ્ધની ચુકવણી વગેરે રકમની વસૂલાત કરવાનું ઓડિટ દ્વારા સૂચવવામાં આવે છે. ઓડિટ દરમિયાન થયેલ વસૂલાત અને ઓડિટના અંતે બાકી રહેલ વસૂલાત બાબતનો આ ફકરો સન ૧૯૬૩-૬૪ના પ્રથમ અહેવાલથી જ લેવામાં આવે છે. આ રીતે જોતાં સન ૧૯૬૩-૬૪થી સન ૨૦૧૨-૧૩ના અંતે ઓડિટ દ્વારા સૂચવાયેલી વસૂલાતની બાકી રહેતી રકમ રુ. ૭૨૨૮૧.૧૫ લાખ થવા જાય છે. ઓડિટરે નોંધ્યું છે તે મુજબ જે તે વર્ષના ઓડિટ અહેવાલમાં જે તે વર્ષની આવી વસૂલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની કોઈ વિગતો નિભાવવામાં આવતી નથી પરિણામે ઓડિટરને ચોકકસ સ્થિતિનો ખ્યાલ આવી શકતો નથી. નીચેના કોષ્ટકમાં જે તે વર્ષ પૂરતા વસૂલાતના આંકડા આપવામાં આવેલા છે.

ક્રમ	વર્ષ	જે તે વર્ષની વસુલાતની સ્થિતિ (રકમ રૂ. લાખમાં)		
		ઓડિટમાં સૂચવેલ વસૂલાત	વર્ષ દરમ્યાન થયેલ વસૂલાત	બાકી રહેતી વસૂલાત
૧	૨૦૧૦–૨૦૧૧	૨૩૦૬.૪૨	૩.૨૨	૨૩૦૩.૨૦
૨	૨૦૧૧–૨૦૧૨	૩૩૭૧.૩૯	૦.૯૨	૩૩૭૦.૪૭
૩	૨૦૧૨–૨૦૧૩	૩૪૩૧.૪૧	૬૩.૫૬	૩૩૬૭.૮૫

ઓડિટ દ્વારા સૂચવાયેલ વસૂલાતની રકમ વસૂલ કરવામાં સંબંધિત પંચાયતો નિષ્ક્રિયતા દાખવે છે તે બાબત ઉપર દર્શાવેલ કોષ્ટક જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે.

૧૦. સમિતિ સમક્ષ બેઠકમાં રુબરુ તપાસ વખતે સમિતિના ધ્યાન પર આવેલ છે કે, ઓડિટ દ્વારા નોંધ્યું છે તે મુજબ આ સંબંધેનું અદ્યતન રેકર્ડ સંબંધિત કચેરીઓ પાસે ઉપલબ્ધ નથી તદ્ઉપરાંત જેની પાસેથી વસૂલાત કરવાની છે તે વ્યકિતઓ/સંસ્થાઓનું અસ્તિત્વ પણ અત્યારે છે કે કેમ? તેની કોઈ માહિતી પણ નથી જેને કારણે જૂની વસૂલાત થઈ શકતી નથી. **આથી હવે પછી વસૂલાત સંબંધમાં ઓડિટ દ્વારા ધ્યાન દોરવામાં આવે કે તરત જ વસૂલાત અંગેની કાર્યવાહી શરુ કરવામાં આવે અને આ માટે ચોકકસ સમયમર્યાદા ઠરાવવા અને તે સમયમર્યાદામાં આવી વસૂલાત ન થાય તો તેના માટે સંબંધિત અધિકારીઓની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

૧૧. વધુમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિએ તેના ચોથા અહેવાલમાં તેમજ ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિએ તેના ત્રીજા અહેવાલમાં અગાઉના વર્ષોની આવી વસૂલાત બાકી રહેવા પામેલ છે તે માટે એક વસૂલાત ઝુંબેશ હાથ ધરી તે વસૂલાત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરુરી કાર્યવાહી કરવા અને આવી વસૂલાત પૈકી જે કોઈ વસૂલાત થઈ શકે તેમ જ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષક તેમજ નાણા વિભાગ સાથે પરામર્શ કરીને આવી રકમની માંડવાળ કરવા

<u>માટેની જરુરી કાર્યવાહી કરવા ભલામણ કરેલ હતી. પરંતુ આ સંબંધમાં હજી સુધી વિભાગોએ જરુરી કાર્યવાહી કરેલ નથી તેની સમિતિ ગંભીર નોંધ લે છે અને ઉકત પ્રકારની રકમને માંડવાળ કરવા માટે ત્રણ માસમાં કાર્યવાહી શરૂ કરવા અને એક વર્ષના સમયગાળામાં કાર્યવાહી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ સંબંધિત દરેક વિભાગને ભલામણ કરે છે.</u>

૧૨. ઓડિટ દ્વારા દરેક વર્ષે પોતાના અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવે છે કે જે તે વર્ષના ઓડિટ અહેવાલમાં વસૂલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની કોઈ વિગતો નિભાવવામાં આવતી નથી. સમિતિને લાગે છે કે આ પરિસ્થિતિ યોગ્ય નથી. **<u>જે તે વર્ષના અંતે રાજયની બધી જ પંચાયતોની મળીને આવી કેટલી રકમ વસૂલ કરવામાં આવી તથા કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે તેની અદ્યતન માહિતી આજના ડિજીટલ યુગમાં રાખવી અશક્ય નથી. આથી, પંચાયત વિભાગના તાબાની વિકાસ કમિશનર કચેરીમાં આ બાબતનું ટેક્નોલોજીની મદદથી મોનીટરીંગ રાખવા યોગ્ય વ્યવસ્થાતંત્રની રચના કરવા સમિતિ ભલામણ કરે છે.</u>**

ઓડિટ ફકરાઓના નિકાલ અંગે (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૪)

૧૩. ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૪માં બાકી રહેતા ઓડિટ ફકરાઓનો સમય મર્યાદામાં નિકાલ ન થવા બાબતે અવલોકન કરવામાં આવેલ છે. નીચેના કોષ્ટકમાં છેલ્લા ૧૪ વર્ષના અંતે નિકાલ વિનાના બાકી રહેલ ફકરાની વિગત આપવામાં આવી છે.

ક્રમ	વર્ષ	વર્ષના અંતે બાકી નિકાલ ફકરાઓની સંખ્યા
૧	૧૯૯૯–૨૦૦૦	૧,૪૭,૨૬૭
૨	૨૦૦૦–૨૦૦૧	૧,૪૯,૨૫૭
૩	૨૦૦૧–૨૦૦૨	૧,૪૬,૪૩૬
૪	૨૦૦૨–૨૦૦૩	૧,૫૨,૪૫૧
૫	૨૦૦૩–૨૦૦૪	૧,૫૪,૦૩૬

૬	૨૦૦૪–૨૦૦૫	૧,૫૭,૨૫૧
૭	૨૦૦૫–૨૦૦૬	૧,૬૦,૬૭૧
૮	૨૦૦૬–૨૦૦૭	૧,૭૫,૬૨૭
૯	૨૦૦૭–૨૦૦૮	૧,૮૨,૧૭૪
૧૦	૨૦૦૮–૨૦૦૯	૧,૮૧,૬૫૮
૧૧	૨૦૦૯–૨૦૧૦	૧,૭૮,૪૧૫
૧૨	૨૦૧૦–૨૦૧૧	૧,૮૦,૩૩૯
૧૩	૨૦૧૧–૨૦૧૨	૧,૮૪,૦૯૩
૧૪	૨૦૧૨–૨૦૧૩	૧,૮૬,૭૯૦

૧૪. ઉકત હકીકત જોતા સ્પષ્ટ થાય છે કે, ઓડિટ ફકરાઓના આખરી નિકાલ કરવાની કાર્યવાહીમાં સંબંધિત પંચાયતોએ ખુબજ ઉદાસીનતા દાખવી છે. જેના કારણે નિકાલ કરવાના બાકી ઓડિટ ફકરાઓની સંખ્યામાં વર્ષો વર્ષ ઉત્તરોતર વધારો થયો છે. સમિતિના ધ્યાન પર એ હકીકત આવી છે કે, સાતમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના તા.૪–૯–૧૯૮૬ના રોજ સભાગૃહમાં રજૂ કરેલ ત્રીજા અહેવાલમાં તે સમયે બાકી રહેલા ઑડિટ ફકરાઓનો તા.૩૧–૫–૧૯૮૭ સુધીમાં નિકાલ કરી દેવા ભલામણ કરી હોવા છતાં પણ વિભાગો દ્વારા આ બાબતે ઉદાસીનતા દાખવવામાં આવી છે અને સમિતિની ભલામણનો અમલ કરવામાં આવ્યો નથી. જેના પરિણામે પરિસ્થિતિમાં કશો ફરક પડયો નથી અને વર્ષો વર્ષ નિકાલ કરવાના બાકી ઓડિટ ફકરાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થયો છે.

૧૫. એ સુવિદિત છે કે, વહીવટી તંત્ર વિધાનસભાગૃહની મંજૂરી વિના કોઈ ખર્ચ કરી શકતું નથી અને સભાગૃહે મંજૂર કરેલ નાણા તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ખર્ચાય છે કે કેમ? તેની દેખરેખ રાખવાની મહત્વની જવાબદારી વિધાનસભાગૃહે બજાવવાની હોય છે. આ જવાબદારી નિભાવવા માટે વિધાનસભા દ્વારા જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવે છે. આમ, સમિતિઓની કામગીરી કે તેની ભલામણો વિધાનસભાગૃહની કામગીરીનો જ એક ભાગ છે. સાતમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ

તેના ત્રીજા અહેવાલમાં જે ભલામણ કરેલી છે તેની વહીવટી તંત્ર દ્વારા ઉપેક્ષા કરવામાં આવી રહી હોય તેવું સમિતિને લાગે છે. સમિતિની ઉકત ભલામણને ૪૦ વર્ષ જેટલો સમય થવાં છતાં પણ પરિસ્થિતિમાં સુધારો ન થાય તેને હળવાશથી ન લઈ શકાય એમ સમિતિનું સ્પષ્ટ માનવું છે. સમિતિ એ મીની વિધાનસભાગૃહ છે. સમિતિની ભલામણોનો અસરકારક અમલ ન થાય તો સમિતિને સભાગૃહનું અવમાન થતું હોય તેમ જણાય છે. સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિને જરૂરી પગલાં લઈ સમિતિને તેની જાણ કરવા સૂચના આપે અને વિભાગના પ્રતિનિધિ પણ સમિતિને તેમ કરવાની ખાતરી આપે છતાં પણ વિભાગ સમિતિની અને પરોક્ષ રીતે વિધાનસભાગૃહની ભલામણો/સૂચનો પ્રત્યે દુર્લક્ષ સેવે તે બાબતમાં સમિતિ નારાજગી વ્યકત કરે છે. **હવે આ બાબતમાં વધુ વિલંબ ન કરતા બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરીને એક ઝુંબેશ તરીકે હાથ ધરી નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના પરામર્શમાં રહી એક વર્ષના સમયગાળામાં પૂરી કરવા અને જે તે વર્ષના ઓડિટ ફકરાઓના નિકાલની કામગીરી નિશ્ચિત સમયમર્યાદામાં કરવા તેમજ સમિતિને આ સંબંધમાં થયેલ કામગીરીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૬. વિભાગોની તપાસ વખતે સમિતિના ધ્યાને આવ્યું છે કે, જ્યારે સમિતિ વિભાગને તપાસ હાથ ધરવા માટેનો પત્ર પાઠવે ત્યારબાદ જ સંબંધિત વિભાગો દ્વારા તાબાની કચેરીઓને પેન્ડિંગ ઓડિટ પારાઓ સંબંધમાં કરેલ કાર્યવાહીની માહિતી મેળવવામાં આવે છે અને બેઠકના આગળના દિવસે કે બેઠકના દિવસે જ ઉકત સાહિત્ય/માહિતી સમિતિને પુરી પાડવામાં આવે છે. જેને લીધે મળેલ સાહિત્યનો અભ્યાસ કરવાનો સમય સમિતિને મળતો નથી. જેની સમિતિ ગંભીર નોંધ લે છે.

૧૭. સ્થાનિક ભંડોળ હિસાબના ઓડિટરો ઓડિટ માટે જિલ્લા અને તાલુકા પંચાયતોની મુલાકાત લે ત્યારે સંબંધિત કચેરી ઓડિટરોને રેકર્ડ સમયસર પૂરુ પાડતી નથી તેવી ફરિયાદ મળે છે. નિરીક્ષક દ્વારા રજુ કરવામાં આવતાં જિલ્લા અને તાલુકા પંચાયતોના વાર્ષિક ઓડિટ અહેવાલનો દરેક વિભાગનો પ્રથમ ફકરો ઓડિટરોને રેકર્ડ રજુ ન કરવા બાબતનો હોય છે.

૧૮. સમિતિના ધ્યાને આવ્યું છે કે, કચેરીઓ દ્વારા બાકી રેકર્ડ પછીથી રજૂ થાય છે અને તેનુ ઓડિટ પણ થાય છે. પરંતુ તેમાં જે કાંઈ ગેરરીતિ હોય તે વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં સમાવિષ્ટ કરી શકાતી નથી એટલે રેકર્ડ મોડું રજૂ કરે છે. ગુજરાત લોકલ ફંડ

ઓડિટ એકટ ૧૯૬૩ની કલમ–૫ની જોગવાઈ મુજબ દરેક પંચાયતોએ ઓડિટ વખતે ઓડિટરોને તે માંગે તેવા જરુરી દસ્તાવેજો રજુ કરવાના હોય છે. આથી, સંબંધિત પંચાયતોએ રેકર્ડ મોડું રજૂ કરેલ હોય એને રેકર્ડ રજૂ ન કર્યા બરાબર ગણી સંબંધિત કે જવાબદાર કર્મચારી/અધિકારી સામે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના તા.૨૬–૦૯–૧૯૮૮ના પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૮૮–૨૫૦૨–જ અને તા.૧૭–૧૧–૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : PRHRDD/ARO/e-file/14/2023/1654/Section-Pમાં કરવામાં આવેલ જોગવાઈ તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અને ધારાધોરણ મુજબ જરુરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ તેના સંબંધિત વિભાગ તેમજ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગને પણ કરવામાં આવે અને હવે પછી ઓડિટ સમયે ઓડિટરોને રેકર્ડ અચૂકપણે રજૂ થાય તે સુનિશ્ચિત કરવા જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.

૧૯. સમિતિને તેની જુદા જુદા વિભાગો સાથે કરેલ બેઠકોની તપાસમાં જણાયું હતું કે, **જિલ્લા અને તાલુકા કક્ષાએ નિયમોનુસાર નાણાકીય રેકર્ડની નિભાવણી તેમજ જાળવણી થતી નથી. આ ખૂબ જ ગંભીર બાબત છે. નાણાકીય રેકર્ડ સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર દરેક કચેરીએ નિભાવવું જોઈએ. દરેક જિલ્લા વિકાસ અધિકારીને સમયાંતરે તેમના તાબા હેઠળની કચેરીઓની રૂબરૂ મુલાકાત લઈને નાણાકીય રેકર્ડની જાત તપાસણી કરવાની અને તેમાં અનિયમિતતા, બેદરકારી કે ક્ષતિ જણાયેથી નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૦–૧૧ ફકરા ક્રમાંક – ૨.૨૬, વહીવટી ગંભીર બાબતો અને કેશબુક – પાસબુક નિભાવણીમાં અનિયમિતતા

૨૦. સન ૧૯૬૩ના ગુજરાત જિલ્લા અને તાલુકા પંચાયતના નાણાંકીય હિસાબ અને અંદાજપત્રના નિયમોના નિયમ –૧૬૭ મુજબ કેશબુકમાં ચેક નંબર લખવા, નિયમ – ૧૭૧–૧૭૨ મુજબ દિવસના અંતે અને માસના અંતે પાસબુક અને કેશબુકનું મેળવણું કરી કચેરીના વડાની સહી લેવી, કેશબુકમાં સ્વભંડોળ રાજ્ય પ્રવૃત્તિ અને દેવાના હિસાબો રાખવા, નિયમ– ૨૧૧ મુજબ વર્ષના અંતે રોજમેળ અને પાસબુકનું મેળવણું

કરવું તેમજ વાર્ષિક હિસાબોની યોગ્ય જાળવણી માટે આવક રજીસ્ટર, ખર્ચ વર્ગીકરણ રજીસ્ટર, ડિપોઝિટ રજીસ્ટર, ગ્રાન્ટ રજીસ્ટર વગેરે નિભાવવાના હોય છે.

૨૧. વિભાગની તપાસ વખતે ધ્યાને આવેલ છે કે, અમીરગઢ, જિ. પાલનપુરમાં કેશબુક યોગ્ય રીતે નિભાવેલ નથી, કેશબુક અને પાસબુકની યોગ્ય નિભાવણી થયેલ નથી. રૂ. ૧.૮૬ લાખના સ્ટેશનરીના બિલો તેમજ રૂ.૫.૫૮ લાખની એન્ટ્રીઓ કેશબુકમાં યોગ્ય સમયે નોંધાયેલ ન હોવાથી ઓડિટ સમયે અનિયમિતતાની ખાતરી થઈ શકેલ નથી. પ્રિઓડિટની પ્રથા પણ યોગ્ય રીતે નિભાવવામાં આવેલ નથી.

૨૨. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાંકીય અંદાજપત્રના નિયમો, સન ૧૯૬૩ મુજબ નિયમોના નિયમ– ૧૭૧, ૧૭૨, ૨૧૧ તેમજ નાણાંકીય ગંભીર અનિયમિતતા સંદર્ભે લોકલ ફંડ ઓડિટ એક્ટ–૧૯૬૩ની કલમ – ૨(ઝ) અને ૯(હ) મુજબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે. ઉપરાંત, અમીરગઢ જેવી પરિસ્થિતિ અન્ય જિલ્લા–તાલુકાઓમાં ન થાય તે માટે તમામ રજીસ્ટરોની યોગ્ય રીતે નિભાવણી થાય તેમ સમિતિ ભલામણ કરે છે.

૨૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાંકીય અંદાજપત્રના નિયમો, ૧૯૬૩ના નિયમોના નિયમ – ૧૭૧, ૧૭૨ અને ૨૧૧નું ચુસ્તપણે પાલન કરવાની તેમજ હિસાબોનું સમયસર મેળવણું થાય તેવી વ્યવસ્થા કરવાની સમિતિ ભલામણ કરે છે.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૦–૧૧ થી ૨૦૧૨–૧૩ સુધી ફકરા ક્રમાંક–૧.૨, ઉચાપત / અનિયમિતતા બાબત, ગોધરા.

૨૪. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તપાસ વખતે સમિતિના ધ્યાન પર આવ્યું હતું કે, વિભાગના ઉચાપતના કિસ્સાઓ સન ૨૦૧૦–૧૧ થી ૨૦૧૨–૧૩ના તમામ ત્રણ વર્ષના અહેવાલમાં સમાવિષ્ટ હતા. ગોધરા ખાતે સરકારી રૂપિયા P.L.A. – D.D.O માં જમા કરાવવાને બદલે જવાબદાર કુલ સાત અધિકારીઓએ રૂ.૯,૫૯,૨૫૮/– ની ઉચાપત કરેલ હતી.

૨૫. વિભાગના જણાવ્યા પ્રમાણે અમુક અધિકારીઓ તેમાં અવસાન પામેલ છે તેમજ અમુક અધિકારીઓને પેન્શન કાપ, ઈજાફો અટકાવવા જેવી નજીવી સજા કરેલ હતી. તેમજ ઉચાપતની રકમ રૂ.૯,૫૯,૨૫૮/– અને તેના વ્યાજની ભરપાઈ થઇ શકેલ નહોતી.

૨૬. નાણાંકીય ઉચાપાતના ઉક્ત કેસમાં જવાબદારો સામે સમયસર શિક્ષાત્મક પગલાં લેવામાં નિષ્ફળતા મળી છે. આથી, હવે આ પ્રકારના કેસોમાં ઓડિટ દ્વારા હાફ માર્જિન મળ્યેથી વિભાગ/વડા દ્વારા તાત્કાલિક પગલા ભરવામાં આવે અને જરૂર જણાયે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે વિભાગ કક્ષાએથી પણ મોનિટરીંગ સહિતના પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૨–૧૩ ફકરા ક્રમાંક–૫.૧૯.૧ જિલ્લા પંચાયતો ખાતે નોંધપાત્ર બચત અનુદાન

૨૭. રાજ્ય સરકારશ્રીના સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ મારફત વિવિધ પંચાયતોને વિકાસલક્ષી યોજનાઓની અમલવારી માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ, ઘણીવાર આ ગ્રાન્ટનો તેના હેતુ મુજબ સમયસર ઉપયોગ નહીં થવાથી લક્ષિત વિસ્તાર કે લાભાર્થીઓ તેના લાભથી વંચિત રહેતા હોય છે તેવું તારણ ઓડિટ દ્વારા કાઢવામાં આવેલ છે.

૨૮. તા. ૧૮/૦૭/૨૦૨૩ની બેઠકમાં સદરહુ ફકરાની તપાસ દરમિયાન સમિતિના ધ્યાને આવેલ હતું કે, ખેડૂતોનું અકસ્માતથી કે જીવજંતુ કરડવાથી મૃત્યુ થાય તેવા કિસ્સામાં તેના વારસદારોને રૂ.૨ લાખની સહાય આપવામાં આવે છે, જે રકમ વર્ષ ૨૦૧૪માં નિયત થયેલ, જેને લગભગ દસ વર્ષ જેટલો સમય વ્યતીત થયેલ છે તેમજ સદરહુ ફકરામાં સમિતિના ધ્યાને એ બાબત પણ આવેલ છે કે, કેટલીક વણવપરાયેલ ગ્રાન્ટ પરત પણ થતી હોય છે. સમિતિના ધ્યાને આવેલ છે તે બાબત રાજ્યના તમામ ખેડૂત પરિવારોના હિતની છે તેમજ પૂરતી ગ્રાન્ટ પણ ઉપલબ્ધ હોઈ, ખેડૂતના અકસ્માત કે જીવજંતુ કરડવાથી થતાં મૃત્યુના કિસ્સામાં તેના વારસદારોને અપાતી

સહાય અંતર્ગત અગાઉ સરકાર દ્વારા નિયત કરેલ રકમ રૂ.૨ લાખથી વધારો કરીને રૂ.૫ લાખ કરવા સમિતિને યોગ્ય જણાય છે.

૨૯. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની તપાસ દરમ્યાન સમિતિને ધ્યાને આવ્યું હતુ કે, ખેડૂતના આકસ્મિક મૃત્યુ સહાય યોજના હેઠળ ખેડૂતનુ અકસ્માતથી કે જીવજંતુ કરડવાથી મૃત્યુ થાય તો તેના વારસદારને રૂ.૨ લાખની સહાય આપવામાં આવે છે. આ અપાતી સહાયની રકમ અત્યારના સંજોગોમાં ખુબ જ નાની ગણાય. જેથી, સમિતિ ખેડૂતના અકસ્માતના કિસ્સામાં અપાતી સહાયની રકમ રૂ.૫ લાખની કરવા માટેની ભલામણ કરે છે.

શિક્ષણ વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૨-૧૩ના ફકરા ક્રમાંક – ૬.૨ મકાન પેશગી, દાહોદ.

૩૦. ગુજરાત નાણાંકીય નિયમો-૧૯૭૧ મુજબ મકાન પેશગી નિયત હેતુ અંગે વપરાશ કર્યાના સમર્થનમાં નિયમ-૯૭(૪)(ક) મકાન દસ્તાવેજ, નિયમ-૯૩(૩) દસ્તાવેજ રજિસ્ટ્રેશન પહોંચ અને નિયમ-૯૭(૪) ગીરોખત જેવાં નિયમો હેઠળ પેશગી બાદ નિયમિત રીતે મકાન ખરીદી સંબંધિત દસ્તાવેજો કચેરીએ મેળવવાના હોય છે તેમજ વીમો અને સરકારશ્રી તરફ ગીરો કરાવવામાં આવે છે.

૩૧. જિલ્લા પંચાયત, દાહોદના નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના ઓડિટમાં મકાન પેશગી રજીસ્ટરોની ચકાસણી કરતાં સને ૨૦૦૭-૦૮ સુધીની જ નોંધ રજીસ્ટરમાં કરેલ હોવાનું જણાયેલ છે અને રજિસ્ટરમાં ત્યારપછીના સમયની કરેલ વસુલાતના ચલણની કરવાની નોંધો કરેલ નથી. જેથી વસુલ આવેલ મકાન પેશગી અને જમા કરાવેલ રકમની ચકાસણી થઇ શકેલ નથી.

૩૨. પરંતુ વિભાગની તપાસ દરમિયાન ધ્યાન પર આવેલ હતું કે, દાહોદમાં પ્રથમ હપ્તાની ચૂકવણી બાદ નિયત સમયમાં ૧૦ પ્રાથમિક શિક્ષકોની કપાત કચેરીએ શરૂ કરેલ નહોતી તેમજ તેના ઉપર દંડનીય વ્યાજની રકમ પણ વસૂલ કરેલ ન હતી. તેમજ પેશગીની રકમ પણ અન્ય હેતુ માટે વપરાયેલ હતી.

૩૩. સામાન્ય રીતે, પ્રાથમિક શિક્ષકોને ચૂકવવામાં આવતી મકાન પેશગી સંબંધમાં તેઓએ પેશગી મેળવ્યાના ત્રણ માસમાં જરુરી દસ્તાવેજો રજૂ કરવાના હોય છે અન્યથા ગુજરાત નાણાંકીય નિયમો-૧૯૭૧ ના નિયમ ૯૭(૪)(૫) મુજબ ચુકવેલ પેશગી એક જ હપ્તામાં દંડનીય વ્યાજ સાથે વસુલ કરવાની હોય છે. દાહોદ જિલ્લામાં મકાન પેશગીના પ્રથમ હપ્તાની ચૂકવણી થઈ ગયા બાદ નિયત સમય-મર્યાદામાં કપાત

શરૂ ન કરનાર ૧૦ પ્રાથમિક શિક્ષકોના કિસ્સામાં દંડનીય વ્યાજ ગણી વસુલાત કરવામાં આવે અને ઉકત સંબંધમાં જવાબદાર કર્મચારી/ અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

આદિજાતિ વિકાસ વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૨-૧૩ના ફકરા ક્રમાંક ૯.૨.૧, તાડપત્રીની ખરીદી બાબત, વલસાડ

૩૪. વલસાડ જિલ્લાના આદિજાતિના ખેડૂતોને તાડપત્રી સહાય ચૂકવવાની યોજના માટે કુલ રૂ.૩૯,૯૦,૦૦૦/- ની રકમ જિલ્લા પંચાયતના હવાલે મુકવામાં આવેલ હતી. ઓડિટના કહેવા મુજબ લાભાર્થીઓને સહાય ચૂકવણી પેટે સંબંધિત એજન્સીને ચૂકવણું કરેલ હતું. પરંતુ, લાભાર્થીની અરજીઓ, દસ્તાવેજોની યોગ્ય ચકાસણી થયેલ નહોતી તેમજ અલગ અલગ સંસ્થાઓ પાસેથી ભાવો મેળવવાની જગ્યાએ એક જ એજન્સીની નિમણૂંક કરી ચૂકવણું કરેલ હતું. જેથી, વર્ક ઓર્ડરની પ્રક્રિયાનું પણ યોગ્ય રીતે પાલન થયેલ નહોતુ. સમિતિની તપાસ વખતે વિભાગે પણ સ્વીકાર્યુ હતું કે, તંદુરસ્ત હરીફાઈ થયેલ નહોતી તેમજ અલગ-અલગ સંસ્થાઓ પાસે ભાવપત્રકો મેળવવામાં આવેલ નહોતા. ઉપરાંત, લાભાર્થીઓની ચકાસણી પણ યોગ્ય રીતે થયેલ નહોતી અને તાડપત્રીની ગુણવત્તા બાબતે યોગ્ય ચકાસણી થયેલ નહોતી. ઉક્ત બાબત સમિતિના ધ્યાને આવતા **હવે પછી વિભાગ દ્વારા સરકારી ધારા-ધોરણો મુજબ વર્ક-ઓર્ડર આપવામાં આવે અને વર્ક ઓર્ડર આપતા પહેલાં તમામ સરકારી પ્રક્રિયા અનુસરવા માટે વિભાગ કક્ષાએથી જરુરી તકેદારી રાખવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૧-૧૨ના ફકરા ક્રમાંક – ૧૧.૩, પ્રિ-એજ્યુકેશન કીટના બદલે ટ્રાયસીકલની ખરીદી બાબત

૩૫. નિયામકશ્રી, આઈ.સી.ડી.સી. મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૧ના પરિપત્રથી આંગણવાડીઓ માટે પ્રિ-સ્કૂલ કિટ/ ટ્રાયસિકલ ખરીદવા માટે યુનિટ દીઠ રૂ.૧૦૦૦/- ફાળવવામાં આવેલ. વિભાગની તપાસ દરમ્યાન સમિતિને ધ્યાને આવેલ કે, (૧) તાલુકા પંચાયત ઉના, જિ. જુનાગઢ (૨) તાલુકા પંચાયત લીંબડી, જિ. સુરેન્દ્રનગર અને (૩) તાલુકા પંચાયત ચોર્યાસી, જિ. સુરતમાં પ્રિ.એજ્યુકેશન કિટના બદલે ટ્રાયસીકલની ખરીદી કરવામાં આવેલ હતી પરંતુ, ખરીદીના આદેશની શરત મુજબ ટ્રાયસીકલની ખરીદીના બિલો કચેરીમાં રજુ થયેલ નથી, ટ્રાયસીકલ ખરીદીમાં એકસુત્રતા જાળવવા તથા ખરીદીની સત્યતાની ચકાસણી

માટે સંબંધિત સી.ડી.પી.ઓ. કચેરી તરફથી કોઈ મોનીટરીંગ થયેલ નહોતુ અને સત્યતાની ચકાસણી કર્યા સિવાય સરકારી ગ્રાન્ટનો ઉપયોગ થયેલ. આમ, પ્રિ–એજ્યુકેશન કિટ માટે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ થયેલ હોવાનું જણાયેલ, જે સમિતિને યોગ્ય જણાયું નહોતું.

૩૬. સમિતિનું માનવું છે કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી સાધનો ખરીદવાના બદલે ટ્રાઈસીકલ જેવી વસ્તુઓ ખરીદીને નાના બાળકો માટે જરૂરી સાધનોની કિટ વગર આંગણવાડીઓએ ચલાવી લેવું પડયું હશે. જેથી જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હોય તે હેતુ માટે જ ગ્રાન્ટનો ઉપયોગ થાય તેની તકેદારી રાખવા અને તે માટે યોગ્ય મોનિટરીંગ વ્યવસ્થા ગોઠવવા સમિતિ ભલામણ કરે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઓડિટ અહેવાલ સન ૨૦૧૨–૧૩ના ફકરા ક્રમાંક – ૭.૧.૩, ચિરંજીવી યોજના બાબત, નર્મદા.

૩૭. ચિરંજીવી યોજના હેઠળ સરકારી હોસ્પિટલમાં ખાનગી તબીબો દ્વારા સારવાર આપેલ હોય તો તેને લાભાર્થી દીઠ રૂ.૮૬૫/– નું ચૂકવણું કરવાનું હોય છે. પરંતુ, જિલ્લા આરોગ્ય અધિકારીએ પ્રસુતા દીઠ રૂ.૨૦૦/– નું ચૂકવણું પ્રસુતાઓને કરેલ નહોતું. સમિતિની તપાસ વખતે સમિતિને ધ્યાને આવેલ હતું કે ૮૪૬ પ્રસુતાને ટ્રાન્સપોર્ટેશનના રૂ.૨૦૦/– ચૂકવેલ નહોતા. ચૂકવણું થયેલ નથી તે હકીકત વિભાગે પણ સ્વીકારેલ છે.

૩૮. આ બાબતને લાંબો સમય થયો હોઈ, હવે બાકી ચૂકવણા અંગે કંઈ થઈ શકે તેમ જણાતુ નથી. પરંતુ, હવે પછી સંબંધિત જિલ્લા આરોગ્ય અધિકારી તરફથી સખત મોનિટરીંગ થવું જોઈએ અને જો આવી બાબત ધ્યાને આવે તો સંબંધિતો સામે નિયમાનુસાર શિક્ષાત્મક પગલાં ભરવા સમિતિ ભલામણ કરે છે.

વિધાનસભાની પંચાયતી રાજ સમિતિનો ત્રીજો
અહેવાલ (સાતમી ગુજરાત વિધાનસભા)
લોકલ ફંડ ઓડિટને પંચાયતોએ ઓડિટ માટે
જરૂરી રેકર્ડ ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૮૮/૨૫૦૨–જ,
સચિવાલય ગાંધીનગર.
તા.૨૬–૦૯–૧૯૮૮

પરિપત્ર:–

ગુજરાત લોડલ ફંડ ઓડિટ એકટ, ૧૯૬૩ની કલમ–૫ ની જોગવાઈ અન્વયે પંચાયતોએ ઓડિટ વખતે ઓડિટર માંગે તેવા જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના હોય છે. ગુજરાત લોકલ ફંડ ઓડિટ એક્ટ અન્વયે આ પ્રમાણેનું રેકર્ડ ઓડિટ પાર્ટીને આપવા માટેની પંચાયતોની કાયદાકીય જવાબદારી છે. જો આ પ્રમાણે પંચાયતો રેકર્ડ ન આપે તો કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન થયેલ ગણાય છે.

(૨) સામાન્ય રીતે ઓડિટ હાથ ધરતાં પહેલાં એકઝામીનરશ્રી, લોકલ ફંડ એકાઉન્ટસ તરફથી જે તે પંચાયતોને અગાઉથી જાણ કરવામાં આવે છે અને જે તે રેકર્ડ તૈયાર રાખવા પણ જણાવવામાં આવે છે. આમ છતાં અનુભવે એવું જણાય છે કે, ઘણાં ખરા કિસ્સાઓમાં પંચાયતો તરફથી ઓડિટ માટે આવશ્યક સંબંધિત રેકર્ડ ઓડિટ પાર્ટી સમક્ષ રજુ કરવામાં આવતું નથી અને પરિણામે રેકર્ડ સિવાય ઓડિટ કરવું શક્ય બનતું નથી અથવા તો પૂરેપૂરી વિગતો એ ઓડિટ કરી શકાતું નથી. અને રેકર્ડ ન રજૂ થવાના કારણોને લઈને મોટી સંખ્યામાં ઓડિટ વાંધાઓ નિકાલ થવા સિવાય બાકીમાં પડતર તરીકે દર્શાવવામાં આવતાં હોય છે. પરિણામે આ બાબત વિધાનસભામાં રજૂ થતાં ઓડિટ અહેવાલમાં પણ દર્શાવાય છે. અને આવા પ્રકારના ઓડિટ પેરાઓ/વાંધાઓનો નિકાલ કરવા માટે બીનજરૂરી પત્ર વ્યવહાર કરીને બીન ઉત્પાદક ખર્ચ કરવામાં આવે છે અને તે માટે ખોટો સમય પણ વેડફાય છે.

(3) ઉપરોકત હકીકતો ધ્યાને લઈ નાના પ્રકારના/ક્ષુલ્લક પ્રકારના ઓડિટ વાંધાઓનો પ્રાથમિક તબક્કામાં જ નિકાલ થાય તે ઘણું જ આવશ્યક છે અને તેથી ઓડિટ સમયે ઓડિટ પાર્ટી તરફથી ઓડિટના હેતુ માટે ઓડિટ સમયે સબ ઓડિટર માંગે તેવા જરૂરી દસ્તાવેજો, રેકર્ડ, ખર્ચના સમર્થન રૂપે વાઉચર્સ, યોજના કે બાંધકામને લગતી ફાઈલો તથા રજિસ્ટરો આપવા માટે અગાઉ આ વિભાગ તરફથી તેમજ વિકાસ કમિશનરશ્રી તરફથી વારંવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ છતાં અત્યાર સુધીમાં એવું જણાયેલ છે કે પંચાયતો તરફથી આ સૂચનાઓનો અમલ સંપૂર્ણ રીતે કરવામાં આવતો નથી. અને પરિણામે આગળ જણાવ્યું તેમ રેકર્ડના ભાવે નાના નાના પ્રકારના, ક્ષુલ્લક પારાઓ નિકાલ થયા સિવાય બાકીમાં પડતર રહેવા પામે છે અને તેના નિકાલ માટે નાહકનો સમય વેડફાય છે અને સ્ટેશનરીનો પણ વ્યય થાય છે. આવી પરિસ્થિતિ બરાબર નથી અને તે ચલાવી લઈ શકાય તેમ નથી. તેથી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી ઓને જાણ કરવામાં આવે છે કે હવેથી જ્યારે જ્યારે તેઓના જિલ્લા/તાલુકા પંચાયતોનુ જે તે સમયનું ઓડિટ ચાલતું હોય ત્યારે ઓડિટ માંગે તેવું તમામ રેકોર્ડ અને જરૂરી દસ્તાવેજો પુરા પાડવા અંગેની જરૂરી વ્યવસ્થા કરી લેવી અને ઓડિટને જરૂરી રેકડ જે તે સમયે પૂરું પાડવું અને જો રેકર્ડ પૂરું પાડી ન શકાય તો ઓડિટના હાફ માર્જીન મેમોના આધારે તુરતજ જે તે રેકોર્ડ શોધવા કે તે તૈયાર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરીવી અને ઓડિટ માટે રેકર્ડ ઉપલબ્ધ કરાવવું. જો જરૂરી રેકર્ડ, દસ્તાવેજો ઓડિટને તે સમયે અથવા નિયત સમયમાં પૂરા પાડી ન

શકાય તો તે અંગે જવાબદાર કર્મચારી/અધિકારીશ્રીની જવાબદારી નક્કી કરી તેની સામે ગુજરાત લોકલ ફંડ ઓડિટ એક્ટ ૧૯૬૩ની સંબંધિત જોગવાઈઓ અન્વયે તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અને ધારા–ધોરણ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવી અને આ હકીકતની જણ તુરતજ જે તે શાખાના શાખા અધિકારીને, તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીશ્રીને અને જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરવી. આ અંગે સ્પષ્ટતા કરવાની કે કેટલીક વાર જે ખર્ચ કરવામાં આવ્યો હોય તે અંગે નિયમસર કાર્યવાહી કરીને નિયમની જોગવાઈ પ્રમાણે રેકર્ડ તૈયાર કરવામાં પણ આવેલ હોતું નથી. આવી પરિસ્થિતિમાં જે સમય દરમિયાન ખર્ચ થવા પામ્યો હોય તે સમય દરમિયાન જે કર્મચારી/ અધિકારીના નિયંત્રણ હેઠળ ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કર્મચારી/અધિકારીને નિયમસર કાર્યવાહી ન કરવા અને રેકર્ડ તૈયાર ન કરવાના કારણો માટે જવાબદાર ગણવા અને તેઓ સામે પણ કાર્યવાહી કરવી. તાલુકા વિકાસ અધિકારીશ્રીને જયારે આવી જાણ થાય ત્યારે તુરતજ તેમણે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તેની જાણ કરવી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પણ જ્યારે આવી જાણ થાય કે, તરત જ તેમણે જવાબદાર રાજ્યપત્રિત અધિકારી સામે પગલાં લેવાની દરખાસ્ત વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને અથવા તો જે તે સંબંધ કરતાં ખાતાના વડાને કરવી. આવા કિસ્સામાં જવાબદાર જણાતા બિન–રાજ્યપત્રિત કર્મચારીઓ સામે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ તેઓની કક્ષાએથી જરૂરી પગલું તુરતજ લેવાય તેવી કાર્યવાહી હાથ ધરવા વ્યવસ્થા કરવી.

(૪) ઉપર જણાવ્યું તેમ જે તે સમયે ઓડિટને જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થાય તે જોવાની તેમજ જે કિસ્સામાં રેકોર્ડ ઉપલબ્ધ ન કરવામાં આવે તેવા કિસ્સાઓમાં જે તે કર્મચારી/અધિકારીશ્રી સામે જરૂરી પગલાં લેવાય તે જોવાની જવાબદારી તાલુકા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પુ. હ. પંચાલ)
નાયબ સચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ
વિભાગ,

પંચાયતી રાજ સમિતિ

લોકલ ફંડ ઓડીટને પંચાયતોએ ઓડિટ માટે
જરૂરી
રેકર્ડ ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : PRHRDD/ARO/e-file/14/2023/1654/Section-P
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭–૧૧–૨૦૨૫

પરિપત્ર :

ગુજરાત લોકલ ફંડ ઓડીટ એક્ટ ૧૯૬૩ની કલમ–૫ની જોગવાઈ અન્વયે પંચાયતોએ ઓડિટ વખતે ઓડિટર માંગે તેવા રેકર્ડ/દસ્તાવેજ રજૂ કરવાના હોય છે. ગુજરાત લોકલ ફંડ ઓડીટ એક્ટ અન્વયે આ પ્રમાણેનું રેકર્ડ ઓડિટરને આપવા પંચાયતોની કાયદાકીય જવાબદારી છે. જો આ પ્રમાણે પંચાયતો રેકર્ડ ન આપે તો કાયદાની જોગવાઈનુંરું ઉલ્લંઘન થયેલ ગણાય છે.

સામાન્ય રીતે ઓડીટ હાથ ધરતા પહેલા એકઝ્ઝામિનરશ્રી, લોકલ એકાઉન્ટસ તરફથી ઓડિટ માટે જે તે પંચાયતોને અગાઉથી જાણ કરવામાં આવે છે. તે પંચાયતોએ જે તે રેકડ/દસ્તાવેજ તૈયાર રાખવાના હોય છે. આમ છંતા અનુભવે એવુ જણાયેલ છે કે, ઘણા ખરા કિસ્સાઓમાં પંચાયતો તરફથી ઓડીટ માટે આવશ્યક સંબંધિત રેકર્ડ/દસ્તાવેજ ઓડિટર સમક્ષ રજુ કરવામાં આવતું નથી. અને પરિણામે રેકર્ડ/દસ્તાવેજ સિવાય ઓડીટ કરવું શક્ય બનતું નથી. અને રેકડ/દસ્તાવેજ રજૂ ન થવાના કારણો મોટી સંખ્યામાં ઓડિટ પારાઓ/વાંધાઓ નિકાલ થયા સિવાય પડતર તરીકે દર્શાવવામાં આવતા હોય છે. પરિણામે આ બાબત વિધાનસભા સમક્ષ રજુ થતા ઓડીટ અહેવાલમાં દર્શાવાય છે. જે ગંભીર બાબત છે. અને આ પ્રકારના ઓડીટ પારાઓ/વાંધાઓનો નિકાલ કરવા માટે બીનજરૂરી પત્ર વ્યવહાર કરીને ખોટો સમય પણ વેડકાય છે.

આથી, ઉપરોકત તમામ હકિકતો ધ્યાન લઈ આ પ્રકારના ઓડિટ પારાઓ/વાંધાઓનો પ્રાથમિક તબક્કામાં જ નિકાલ થાય તે ઘણુ આવશ્યક છે. આ વિભાગના તા. ૨૬/૦૯/૧૯૮૮ના પરિપત્ર ક્રમાંક પરસ–૧૦૮૮–૨૫૦૨–જ અનુસાર ઓડિટ સમયે ઓડિટરને જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થાય તે જોવાની તેમજ જે કિસ્સામાં રેકર્ડ ઉપલબ્ધ ન કરવામાં આવે તેવા કિસ્સાઓમાં જે તે કર્મચારી /અધિકારીશ્રી સામે જરૂરી પગલા લેવાય તે જોવાની જવાબદારી તાલુકા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહે છે. તેથી ઓડિટ સમયે ઓડિટરને ઓડિટના હેતુથી માંગે તે રેકર્ડ/દસ્તાવેજો રજુ કરવા અન્યથા રેકર્ડ/દસ્તાવેજો રજુ ન કરનાર જવાબદાર કર્મચારી અધિકારીશ્રીઓ સામે નિયમાનુસારની શિસ્ત વિષયક કાર્યવાહી કરવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અચલ સોની)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ
વિભાગ

<u>પ્રતિ,</u>

- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- કમિશનર–વ–અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ કમિશનશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોડ, સેકટર–૧૦, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- શાખા સિલેકટ ફાઈલ

નકલ રવાના :

- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (પંચાયતી રાજ સમિતિ) ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઈ

પંચાયતી રાજ સમિતિ દ્વારા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોનાં ઓડિટ પ્રક્રિયાના અસરકારક અમલીકરણ અંગે
આપેલ મહત્વપૂર્ણ સૂચનો પરિપત્રિત કરવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક : PRHRDD/ARO/e-file/14/2023/1655/Section - P

બ્લોક નંબર - ૮, ત્રીજો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

(28/07/2026)

પરિપત્ર :–

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ - ૧૨૧, ૧૪૩ અને ૧૬૬ અન્વયે અનુક્રમે ગ્રામ પંચાયત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના હિસાબોનું ઓડિટ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩ અન્વયેના ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ નિયમો, ૧૯૬૫ તથા ગુજરાત પંચાયત નાણાકીય હિસાબ અને અંદાજપત્ર નિયમો, ૨૦૧૪ની જોગવાઈ અનુસંધાને હાથ ધરવામાં આવે છે.

૨. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના હિસાબોના ઓડિટ દરમિયાન સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા જે વાંધાઓ ઉપસ્થિત કરવામાં આવેલ હોય તે વાંધાઓ સંબંધે સંબંધિત કચેરી દ્વારા 'હાફ માર્જિન' મારફતે ખુલાસા રજૂ કરવામાં આવે છે. પરંતુ જ્યારે 'હાફ માર્જિન' મારફત રજુ કરવામાં આવેલ ખુલાસાઓ સ્વીકાર્ય ન હોય તેવા કિસ્સામાં તબક્કાવારની ડ્રાફ્ટ ફકરાઓ, ઓડિટ પેરા, પ્રશ્નાવલી સ્વરૂપે સંબંધિત જિલ્લા અને રાજ્ય કક્ષાની કચેરીઓ દ્વારા ઑડીટની પ્રક્રિયા પૂર્ણ થયા પછી સ્વિકૃતિને બાકી રહેતા ઓડીટ પારાઓ તેની પ્રશ્નાવલીઓ સાથે વિધાનસભાની પંચાયતી રાજ સમિતિને રજૂ કરવામાં આવે છે અને પંચાયતી રાજ સમિતિ દ્વારા તે પેરાઓ સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવે છે.

૩. પંચાયત રાજ સમિતિની અગાઉની અને તાજેતરમાં મળેલ બેઠકમાં સમિતિ સમક્ષ રજૂ થયેલ ઓડીટ અહેવાલ અને તે અંતર્ગત ઓડીટ પેરાઓની વર્તમાન સ્થિતિની વિગતોની સમીક્ષા કરતાં વિભાગ કક્ષાએ જણાયું છે કે, ક્ષેત્રિય કચેરીઓ દ્વારા સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા ઓડિટ દરમિયાન ધ્યાન પર મૂકવામાં આવેલ ગંભીર અનિયમિતતાઓ/ગેરરીતિઓ જેવી કે નાણાકીય ઉચાપત, નિયમાનુસારની યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વગર ખરીદી કરવી, સક્ષમ કક્ષાની મંજૂરી વગર કરાર આધારિત અથવા અન્ય રીતે નિમણૂકની કાર્યવાહી કરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સરકાર પર લાંબાગાળાની જવાબદારી ઊભી કરવી, નાણાકીય બેવડાપણું થતું હોય તે મુજબના ચુકવણાઓ કરવા વગેરે ગંભીર નાણાકીય અને વહીવટી ક્ષતિઓ અંગે ઓડીટ પારામાં ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં તેની ઉપર સમયસર વસુલાતની અથવા શિસ્તવિષયક અથવા અન્ય કાયદાકીય

કાર્યવાહી સંપૂર્ણપણે હાથ ધરવી જોઈએ તે હાથ ધરવામાં આવતી નથી. જેના પરિણામ સ્વરૂપે આવી ગેરરીતિઓ/ અનિયમિતતાઓ લાંબા સમયગાળા પછી વિભાગને ધ્યાને આવે છે ત્યારે વિભાગ દ્વારા તેનું સંજ્ઞાન લઇ, જ્યારે આવી અનિયમિતતા અથવા ગેરરીતિ સંદર્ભે નિયમોનુસારના પગલાં લેવા જણાવવામાં આવે છે ત્યારે કસૂરવારોની નિવૃતિ અથવા મૃત્યુના કારણોસર અથવા જવાબદારો કે જેઓ દ્વારા ગેરરીતિઓ આચરવામાં આવેલ છે તેઓ તે સ્થળેથી ઉપલબ્ધ ન બનવાના કારણોસર અપેક્ષિત કાર્યવાહી સંપૂર્ણપણે થઇ શકતી નથી. જેના કારણે બિનજરૂરી નાણાકીય તેમજ વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જે સુદ્રઢ અને જવાબદેહી પૂર્વકના વહીવટના દૃષ્ટિકોણથી યોગ્ય બાબત નથી.

૪. આ સંદર્ભે તા.૨૧/૦૭/૨૦૨૬ના રોજ પંચાયતી રાજ સમિતિની બેઠક દરમિયાન સમિતિ દ્વારા સૂચન કરવામાં આવેલ છે કે લોકલ ફંડ દ્વારા વર્ષમાં નક્કી કરેલ કાર્યક્રમ મુજબ કોઇ જિલ્લાની અંદર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની વર્ષના આયોજન મુજબની ઓડીટની કાર્યવાહી પૂર્ણ થાય તે પછી તુર્તજ સબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી કક્ષાએ એક સંકલિત ઓડિટ કોન્ફરન્સ (એક્ઝિટ કોન્ફરન્સ)નું અચૂક આયોજન કરવામાં આવે. જેમાં સ્થાનિક ભંડોળ હિસાબના જિલ્લાના ઓડીટ માટે નેતૃત્વ ધરાવનાર અધિકારી દ્વારા તપાસણી દરમિયાન ધ્યાને આવેલ ગંભીર અનિયમિતતા, ઉચાપત, નિયમાનુસારની યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા વગર કરવામાં આવેલ ખરીદીના કિસ્સાઓ, યોગ્ય મહેકમ વગર કરાર આધારિત અથવા અન્ય રીતે ભરતીઓ અથવા અન્ય ગેરરીતિઓને લગતી ગંભીર બાબતો અંગે તમામ હાફ માર્જિન કે ઓડીટ પારા ન લઇ, ધ્યાન દોરવાપાત્ર ગંભીર ગેરરીતિવાળા જ ફકરાઓ પરત્વે જ જિલ્લા વિકાસ અધિકારીનું ધ્યાન દોરવામાં આવે અને તેવા કિસ્સાઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કક્ષાએથી શિક્ષાત્મક અને નિવારાત્મક પગલા તુર્તજ લેવામાં આવે તો પંચાયત હસ્તકનું વહીવટી માળખું હજુ વધારે સુદ્રઢ અને જવાબદેહ બનાવી શકાય.

૫. પંચાયતી રાજ સમિતિ દ્વારા કરવામાં આવેલ ઉક્ત સૂચનો ધ્યાને લઈ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :-

(૧) લોકલ ફંડ એક્ઝામિનર દ્વારા ગ્રામ પંચાયત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની વર્ષ દરમિયાન હાથ ધરવાની થતી તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયા પછી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સમય મેળવી, ચોક્કસ દિવસે એક્ઝિટ કોન્ફરન્સ યોજવાની રહેશે. આ એક્ઝિટ કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ રૂબરૂ ઉપસ્થિત રહી લોકલ ફંડ ઓડિટર દ્વારા તપાસમાં જણાવવામાં આવેલ ગંભીર અનિયમિતતા, ઉચાપત, ગેરરીતિઓ, પ્રક્રિયા અનુસર્યા વગરની કરાયેલી ખરીદ પ્રક્રિયાઓ અથવા યોગ્ય મહેકમ ન હોવા છતાં અથવા યોગ્ય ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના નિમણૂંકો આપવા વગેરે ગંભીર પ્રકારની ક્ષતિઓ ધ્યાન પર લેવાની રહેશે.

(૨) શક્ય હોય ત્યાં સુધી આ એક્ઝિટ કોન્ફરન્સ જિલ્લા વિકાસ અધિકારીની કક્ષાએ જ કરવાની રહેશે. પરંતુ VVIP / મહાનુભાવના કાર્યક્રમ અથવા કુદરતી આપદા જેવા પ્રસંગોએ જો તેઓ રૂબરૂ ઉપસ્થિત ના રહી શકે, તો તેવા કિસ્સામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને હિસાબી અધિકારીશ્રીની સંયુક્ત ઉપસ્થિતિમાં આ એક્ઝિટ કોન્ફરન્સનું અચૂક આયોજન કરવાનું રહેશે.

(૩) સબંધિત લોકલ ફંડ ઓડિટર દ્વારા પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, એક્ઝિટ કોન્ફરન્સ માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના ઓડિટમાં સીનિયર મોસ્ટ અધિકારીશ્રી દ્વારા ઓડિટ ટીમનું નેતૃત્વ કરવામાં આવેલું હોય તે જ એક્ઝિટ કોન્ફરન્સમાં આ અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત રહી પૂરતા અભ્યાસ સાથે તમામ ક્ષતિઓ પરત્વે ચર્ચા-વિચારણા ન કરીને ગંભીર ક્ષતિઓ અથવા ગેરરીતિઓ અથવા ઉચાપત પ્રકારની

જે ગંભીર ક્ષતિઓ હોય, તેવી જ બાબતો જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ધ્યાને લાવવાની રહેશે જેથી આ બાબતો પર પ્રાથમિકતાના ધોરણે તુરંત જ કાર્યવાહી હાથ ધરી શકાય.

૬. આ સૂચનાઓનો ચાલુ વર્ષ દરમિયાન સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા હાથ ધરાઇ રહેલી અથવા હાથ ધરવામાં આવનાર ઓડિટની પ્રક્રિયાથી ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

e-sign

(અચલ સોની)

નાયબ સચિવ

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ

અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- વિકાસ કમિશનરશ્રી, બ્લોક નં- ૩, ભોંયતળીયે, ઈ-વીંગ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦(એ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં-૧૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ) (સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત)

ભાગ–3

મુખ્ય નિર્ણયો/ભલામણનો સારાંશ

ભ.ક.	અહેવાલનો ફ.ક.	એલ.એફનો ફ.ક./વર્ષ	નિર્ણય/ભલામણો એલ.એફ રિપોર્ટના **પ્રકરણ – ૧ બાબત, સામાન્ય ફકરાઓ** **સન ૨૦૧૦–૧૧, સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩**
૧	૪	સન ૨૦૧૦–૧૧, સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ ૧.૧	અગાઉ થયેલ ખર્ચ, બચત તેમજ અતિખર્ચ બાબત (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૧) **આ બાબત સંબંધમાં વિભાગો દ્વારા ફકત પરિપત્ર કરી દેવો પૂરતું નથી. પરિપત્રનો યોગ્ય અમલ થાય છે કે કેમ? તેની તકેદારી રાખવા માટે ટેકનોલોજીના માધ્યમથી કોઈ ચોકકસ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આથી, આ બાબતમાં નિશ્ચિત સમયાંતરે ટેકનોલોજીના માધ્યમથી મોનિટરીંગ કરવાની વ્યવસ્થા કરી અતિખર્ચમાં વધારો ન થાય તે સુનિશ્ચિત કરવા તથા હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબંધિત અધિકારીની જવાબદારી ઠરાવવા અને આ સંબંધમાં તાત્કાલિક જરુરી હુકમો કરી સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. તદુપરાંત ઉપર દર્શાવ્યા મુજબ પાછલા વર્ષનો જે અતિ ખર્ચનો ઓડિટ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તેને વહેલી તકે સરભર કરી દેવા પણ સમિતિ ભલામણ કરે છે.**
૨	૮	૧.૨	ઉચાપતના કિસ્સાઓ/નાણાંકીય અનિયમિતતા બાબત(ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૨) **સન ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના ઓડીટ અહેવાલમાં વિભાગવાર દર્શાવેલ ઉચાપત કે નાણાંકીય અનિયમિતતાના કેસોમાં આક્ષેપિત કર્મચારી/અધિકારી/ સંસ્થાઓ સામે ઝડપી, અસરકારક અને સમયબધ્ધ પગલાં ભરવા અને જો ઉચાપત સાબિત થઇ હોય તો મહેસુલી રાહે તાત્કાલિક વસૂલાત કરવા તેમજ જો તેમા સંસ્થા સામેલ હોય તો તેને બ્લેકલિસ્ટ કરવા માટેની જરુરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**

૩	૧૦,૧૧	૧.૩	ઓડિટ વસૂલાત અંગે (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૩) **આથી હવે પછી વસૂલાત સંબંધમાં ઓડિટ દ્વારા ધ્યાન દોરવામાં આવે કે તરત જ વસૂલાત અંગેની કાર્યવાહી શરુ કરવામાં આવે અને આ માટે ચોકકસ સમયમર્યાદા ઠરાવવા અને તે સમયમર્યાદામાં આવી વસૂલાત ન થાય તો તેના માટે સંબંધિત અધિકારીઓની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.** **વધુમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિએ તેના ચોથા અહેવાલમાં તેમજ ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિએ તેના ત્રીજા અહેવાલમાં અગાઉના વર્ષોની આવી વસૂલાત બાકી રહેવા પામેલ છે તે માટે એક વસૂલાત ઝુંબેશ હાથ ધરી તે વસૂલાત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરુરી કાર્યવાહી કરવા અને આવી વસૂલાત પૈકી જે કોઈ વસૂલાત થઈ શકે તેમ જ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષક તેમજ નાણા વિભાગ સાથે પરામર્શ કરીને આવી રકમની માંડવાળ કરવા માટેની જરુરી કાર્યવાહી કરવા ભલામણ કરેલ હતી. પરંતુ આ સંબંધમાં હજી સુધી વિભાગોએ જરુરી કાર્યવાહી કરેલ નથી તેની સમિતિ ગંભીર નોંધ લે છે અને ઉકત પ્રકારની રકમને માંડવાળ કરવા માટે ત્રણ માસમાં કાર્યવાહી શરૂ કરવા અને એક વર્ષના સમયગાળામાં કાર્યવાહી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ સંબંધિત દરેક વિભાગને ભલામણ કરે છે.**
	૧૨		**જે તે વર્ષના અંતે રાજયની બધી જ પંચાયતોની મળીને આવી કેટલી રકમ વસૂલ કરવામાં આવી તથા કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે તેની અદ્યતન માહિતી આજના ડિજીટલ યુગમાં રાખવી અશક્ય નથી. આથી, પંચાયત વિભાગના તાબાની વિકાસ કમિશનર કચેરીમાં આ બાબતનું ટેક્નોલોજીની મદદથી મોનીટરીંગ રાખવા યોગ્ય વ્યવસ્થાતંત્રની રચના કરવા સમિતિ ભલામણ કરે છે.**

૪	૧૫	૧.૪	ઓડિટ ફકરાઓના નિકાલ અંગે (ઓડિટ અહેવાલોના ફકરા ક્રમાંક ૧.૪) **હવે આ બાબતમાં વધુ વિલંબ ન કરતા બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરીને એક ઝુંબેશ તરીકે હાથ ધરી નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબના પરામર્શમાં રહી એક વર્ષના સમયગાળામાં કાર્યવાહી પૂરી કરવા અને જે તે વર્ષના ઓડિટ ફકરાઓના નિકાલની કામગીરી નિશ્ચિત સમયમર્યાદામાં કરવા તેમજ સમિતિને આ સંબંધમાં થયેલ કામગીરીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.**
	૧૮		**સમિતિના ધ્યાને આવ્યું છે કે, કચેરીઓ દ્વારા બાકી રેકર્ડ પછીથી રજૂ થાય છે અને તેનુ ઓડિટ પણ થાય છે. પરંતુ તેમાં જે કાંઈ ગેરરીતિ હોય તે વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં સમાવિષ્ટ કરી શકાતી નથી એટલે રેકર્ડ મોડું રજૂ કરે છે. ગુજરાત લોકલ ફંડ ઓડિટ એકટ ૧૯૬૩ની કલમ–૫ની જોગવાઇ મુજબ દરેક પંચાયતોએ ઓડિટ વખતે ઓડિટરોને તે માંગે તેવા જરુરી દસ્તાવેજો રજુ કરવાના હોય છે. આથી, સંબંધિત પંચાયતોએ રેકર્ડ મોડું રજૂ કરેલ હોય એને રેકર્ડ રજૂ ન કર્યા બરાબર ગણી સંબંધિત કે જવાબદાર કર્મચારી/અધિકારી સામે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના તા.૨૬–૦૯–૧૯૮૮ના પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૮૮–૨૫૦૨–જ અને તા.૧૭–૧૧–૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : PRHRDD/ARO/e-file/14/2023/1654/Section-Pમાં કરવામાં આવેલ જોગવાઇ તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અને ધારાધોરણ મુજબ જરુરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ તેના સંબંધિત વિભાગ તેમજ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગને પણ કરવામાં આવે અને હવે પછી ઓડિટ સમયે ઓડિટરોને રેકર્ડ અચૂકપણે રજૂ થાય**

	૧૯		**તે સુનિશ્ચિત કરવા જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.** **જિલ્લા અને તાલુકા કક્ષાએ નિયમોનુસાર નાણાકીય રેકર્ડની નિભાવણી તેમજ જાળવણી થતી નથી. આ ખૂબ જ ગંભીર બાબત છે. નાણાકીય રેકર્ડ સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર દરેક કચેરીએ નિભાવવું જોઈએ. દરેક જિલ્લા વિકાસ અધિકારીને સમયાંતરે તેમના તાબા હેઠળની કચેરીઓની રૂબરૂ મુલાકાત લઈને નાણાકીય રેકર્ડની જાત તપાસણી કરવાની સમિતિ ભલામણ કરે છે.**
૫	૨૨ ૨૩	૨.૨૬ (સન ૨૦૧૦-૧૧)	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ **ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાંકીય અંદાજપત્રના નિયમો, સન ૧૯૬૩ મુજબ નિયમોના નિયમ- ૧૭૧, ૧૭૨, ૨૧૧ તેમજ નાણાંકીય ગંભીર અનિયમિતતા સંદર્ભે લોકલ ફંડ ઓડિટ એક્ટ-૧૯૬૩ની કલમ – ૨(ઝ) અને ૯(હ) મુજબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે. ઉપરાંત, અમીરગઢ જેવી પરિસ્થિતિ અન્ય જિલ્લા-તાલુકાઓમાં ન થાય તે માટે તમામ રજીસ્ટરોની યોગ્ય રીતે નિભાવણી થાય તેમ સમિતિ ભલામણ કરે છે.** **ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાંકીય અંદાજપત્રના નિયમો, ૧૯૬૩ના નિયમોના નિયમ – ૧૭૧, ૧૭૨ અને ૨૧૧નું ચુસ્તપણે પાલન કરવાની તેમજ હિસાબોનું સમયસર મેળવણું થાય તેવી વ્યવસ્થા કરવાની સમિતિ ભલામણ કરે છે.**
૬	૨૬	૧.૨ (સન ૨૦૧૦-૧૧ થી સન ૨૦૧૨-૧૩) સુધી	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ **નાણાંકીય ઉચાપાતના ઉક્ત કેસમાં જવાબદારો સામે સમયસર શિક્ષાત્મક પગલાં લેવામાં નિષ્ફળતા મળી છે. આથી, હવે આ પ્રકારના કેસોમાં ઓડિટ દ્વારા હાફ માર્જિન મળ્યેથી વિભાગ/વડા દ્વારા તાત્કાલિક પગલા ભરવામાં આવે અને જરૂર જણાયે કાયદાકીય કાર્યવાહી કરવામાં**

			આવે તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે વિભાગ કક્ષાએથી પણ મોનિટરીંગ સહિતના પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.
૭	૨૯	૫.૧૯.૧ (સન ૨૦૧૨–૧૩)	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની તપાસ દરમ્યાન સમિતિને ધ્યાને આવ્યું હતુ કે, ખેડૂતના આકસ્મિક મૃત્યુ સહાય યોજના હેઠળ ખેડૂતનુ અકસ્માતથી કે જીવજંતુ કરડવાથી મૃત્યુ થાય તો તેના વારસદારને રૂ. ૨ લાખની સહાય આપવામાં આવે છે. આ અપાતી સહાયની રકમ અત્યારના સંજોગોમાં ખુબ જ નાની ગણાય. જેથી, સમિતિ ખેડૂતના અકસ્માતના કિસ્સામાં અપાતી સહાયની રકમ રૂ. ૫ લાખની કરવા માટેની ભલામણ કરે છે.**
૮	૩૩	૬.૨ (સન ૨૦૧૨–૧૩)	શિક્ષણ વિભાગ **સામાન્ય રીતે, પ્રાથમિક શિક્ષકોને ચૂકવવામાં આવતી મકાન પેશગી સંબંધમાં તેઓએ પેશગી મેળવ્યાના ત્રણ માસમાં જરુરી દસ્તાવેજો રજૂ કરવાના હોય છે અન્યથા ગુજરાત નાણાંકીય નિયમો–૧૯૭૧ ના નિયમ ૯૭(૪)(૫) મુજબ ચુકવેલ પેશગી એક જ હપ્તામાં દંડનીય વ્યાજ સાથે વસુલ કરવાની હોય છે. દાહોદ જિલ્લામાં મકાન પેશગીના પ્રથમ હપ્તાની ચૂકવણી થઈ ગયા બાદ નિયત સમય–મર્યાદામાં કપાત શરૂ ન કરનાર ૧૦ પ્રાથમિક શિક્ષકોના કિસ્સામાં દંડનીય વ્યાજ ગણી વસુલાત કરવામાં આવે અને ઉકત સંબંધમાં જવાબદાર કર્મચારી/ અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.**
૯	૩૪	૯.૨.૧ (સન ૨૦૧૨–૧૩)	આદિજાતિ વિકાસ વિભાગ **હવે પછી વિભાગ દ્વારા સરકારી ધારા–ધોરણો મુજબ વર્ક–ઓર્ડર આપવામાં આવે અને વર્ક ઓર્ડર આપતા પહેલાં તમામ સરકારી પ્રક્રિયા અનુસરવા માટે વિભાગ**

			કક્ષાએથી જરુરી તકેદારી રાખવામાં આવે તેવી સમિતિ ભલામણ કરે છે.
૧૦	૩૬	૧૧.૩ (સન ૨૦૧૧–૧૨)	મહિલા અને બાળ વિકાસ વિભાગ **સમિતિનું માનવું છે કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી સાધનો ખરીદવાના બદલે ટ્રાઈસીકલ જેવી વસ્તુઓ ખરીદીને નાના બાળકો માટે જરૂરી સાધનોની કિટ વગર આંગણવાડીઓએ ચલાવી લેવું પડયું હશે. જેથી જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હોય તે હેતુ માટે જ ગ્રાન્ટનો ઉપયોગ થાય તેની તકેદારી રાખવા અને તે માટે યોગ્ય મોનિટરીંગ વ્યવસ્થા ગોઠવવા સમિતિ ભલામણ કરે છે.**
૧૧	૩૮	૭.૧.૩ (સન ૨૦૧૨–૧૩)	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ **આ બાબતને લાંબો સમય થયો હોઈ, હવે બાકી ચૂકવણા અંગે કંઈ થઈ શકે તેમ જણાતુ નથી. પરંતુ, હવે પછી સંબંધિત જિલ્લા આરોગ્ય અધિકારી તરફથી સખત મોનિટરીંગ થવું જોઈએ અને જો આવી બાબત ધ્યાને આવે તો સંબંધિતો સામે નિયમાનુસાર શિક્ષાત્મક પગલાં ભરવા સમિતિ ભલામણ કરે છે.**